સાંસ્કૃતિક વનો

(ઉજવણીનો અનોખો લોકોત્સવ - વન મહોત્સવ)

૧. પુનિત વન, ગાંધીનગર-૨૦૦૪

૨. માંગલ્ય વન, અંબાજી-૨૦૦૫

૩. તીર્થંકર વન, તારંગા-૨૦૦૬

૪. હરિહર વન, સોમનાથ-૨૦૦૭

૫. ભક્તિ વન, ચોટીલા-૨૦૦૮

૬. શ્યામળ વન, શામળાજી-૨૦૦૯

૭. પાવક વન, પાલીતાણા-૨૦૧૦

૮. વિરાસત વન, પાવાગઢ-૨૦૧૧

૯.ગોવિંદ ગુરૂ સ્મૃતિ વન, માનગઢ-૨૦૧૨

૧૦.નાગેશ વન, નાગેશ્વર-૨૦૧૩

વન વિભાગ, ગુજરાત રાજ્ય

જૂન-૨૦૧૪

સાંસ્કૃતિક વનો

ભારતીય સંસ્કૃતિના પૌરાણિક ગ્રંથો જેવા કે વેદો પુરાણો, ઉપનિષેદો વગેરેમાં માનવ સમાજ અને વૃક્ષો વચ્ચેના સંબંધોનો નિર્દેશ જોવા મળે છે. પૌરાણિક કાળમાં આપણા પૂર્વજોનો વસવાટ અને સહવાસ વૃક્ષો તથા વેલાઓના સાનિધ્યમાં રહેતો હતો. પૂર્વજોએ પ્રાચીન સમયથી આ વિષયોનો ગહન અભ્યાસ કરી આ અંગેની માહિતી સંગ્રહિત કરેલ છે. પૂર્વજોને સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્ય માટે વૃક્ષોની અગત્યતા સમજાયેલ હતી. તેથી જ તેઓ વૃક્ષોની પૂજા કરતાં હતા. હાલમાં પણ આપણા મોટાભાગના ધાર્મિક તહેવારોમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વૃક્ષોની પૂજા થાય છે.

વૃક્ષોની માનવ સમાજ પર સીધી અસર છે. તેવો ઉલ્લેખ પ્રાચીન ગ્રંથો તેમજ ખાસ કરીને ચિકિત્સાશાસ્ત્રોમાં છે. આજનો માનવ જ્યોતિષશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, આયુર્વેદ વગેરે વિષયોમાં વધુ વિશ્વાસ રાખતો થયો છે. આજના વૈજ્ઞાનિક યુગમાં આયુર્વેદિક, એલોપેથીક, હોમીયોપેથિક તેમજ બાયોકેમીકલ દવાઓ બનાવવામાં વૃક્ષો, વેલા, વનસ્પતિના મૂળ, છાલ, પાન, ફૂલ, ફળ ઉપયોગી થાય છે, તે સર્વવિદિત હકીકત છે. કેટલાક વૃક્ષોનું વાવેતર કરવાથી અનિષ્ટ તત્વો દૂર થાય છે અને વ્યક્તિના જીવન ઉપર તેની હકારાત્મક અસર થતી હોવાની પણ માન્યતા છે.

વૃક્ષોની આવી અસરો વિશે આધુનિક વિજ્ઞાન કદાચ સંમત ન પણ થાય. પરંતુ આપણી પરંપરાથી ચાલી આવતી માન્યતાઓ તેમજ આપણા પ્રાચીન ગ્રંથોમાં દર્શાવ્યા પ્રમાણે દરેક ગ્રહ, નક્ષત્ર, રાશિ સાથે તેનું આરાધ્ય વૃક્ષ વર્ણવેલું છે. ગ્રહ, નક્ષત્ર, રાશિ, ભારતની પ્રાચીન સંસ્કૃતિ અને આસ્થાને કેન્દ્ર બિંદુમાં રાખી કરેલ વૃક્ષ વાવેતર અને વૃક્ષ સંરક્ષણથી માનવ સમાજ ઉપર તેની હકારાત્મક અસર થાય છે.

ભારતીય વિવિધ સંસ્કૃતિને ધ્યાનમાં રાખી કરવામાં આવેલ વૃક્ષ વાવેતરોને સામાન્ય રીતે "સાંસ્કૃતિક વનો" તરીકે ઓળખવામાં આવે છે.

આવા કેટલાંક સાંસ્કૃતિક વનો નીચે મુજબ વર્ણવવામાં આવેલ છે.

નવગ્રહ વન

અવકાશમાં ખડકાળ કે વાયુમય પીંડો કે જે સૂર્યપ્રકાશના સ્થિર પ્રકાશે ચમકે છે અને તારાઓ કરતાં ઘણાં નજીકના અંતરે છે. તેવા ચોક્કસ ભ્રમણ કક્ષામાં ગતિ કરતાં પીંડોને આપણે ગ્રહ તરીકે ઓળખીએ છીએ.

આપણા સૂર્યમંડળમાં ખગોળશાસ્ત્ર મુજબ બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, ગુરૂ, શનિ, યુરેનસ (પ્રજાપતિ), નેપ્ચ્યુન (વરૂણ) અને પ્લુટો (યમ) એમ કુલ નવ ગ્રહો છે. સૂર્ય એક તારો છે. અને ચંદ્ર આપણી પૃથ્વી ફરતે ભ્રમણ કરતો ઉપગ્રહ છે.

જ્યોતિષશાસ્ત્ર મુજબ સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ એમ નવ ગ્રહો ગણવામાં આવ્યા છે. રાહુ-કેતુ ખરેખર કાલ્પનિક બિંદુઓ છે, જેને છાયા ગ્રહો તરીકે પણ ઓળખવામાં આવે છે.

ભારતીય પરંપરામાં એવી માન્યતા છે કે, ગ્રહોના જુદા જુદા નક્ષત્રોમાં ભ્રમણનો માનવજીવન પર પ્રભાવ પડે છે. આ પ્રભાવ અનુકૂળ અને પ્રતિકૂળ હોઈ શકે છે. ગ્રહોના પ્રતિકૂળ પ્રભાવના નિવારણના અનેક ઉપાયો શાસ્ત્રોમાં દર્શાવેલ છે, જેમાં વૃક્ષ ઉપાસના પણ એક મહત્ત્વનો ઉપાય છે.

ગ્રહ પ્રમાણેના આરાધ્ય વૃક્ષો નીચે મુજબ નક્કી કરેલ છે.

અ.નં.	ગ્રહ	આરાધ્ય વૃક્ષ	અ.નં.	ગ્રહ	આરાધ્ય વૃક્ષ
૧.	સૂર્ય	આકડો	૬.	શુક્ર	ઉમરો
૨.	ચંદ્ર	ખાખરો	૭.	શનિ	ખીજડો
૩.	મંગળ	ખેર	૮.	રાહુ	ધરો
૪.	બુધ	અધેડો	૯.	કેતુ	દર્ભ
૫.	ગુરૂ	પીપળો			

નક્ષત્ર વન

બ્રહ્માંડમાં વાયુથી બનેલા સ્વયંપ્રકાશિત, અનંત અંતરે આવેલા, સ્થિર અને બિંદુ જેવા દેખાતા પીંડોને આપણે તારાઓ તરીકે ઓળખીએ છીએ. અમુક તારાઓના જૂથને તારામંડળ તરીકે નામકરણ કરવામાં આવેલ છે. ગ્રહમાર્ગ કે સૂર્યમાર્ગ પર સ્થિત આવા એક કે તેથી વધુ તારાઓના ચોક્કસ અંતરે આવેલા જૂથોને ૨૭ ભાગમાં વિભાજીત કરીને 'નક્ષત્રો' તરીકે નામ આપી ઓળખવામાં આવે છે. ૩૬૦° ના વૃત્ત (વર્તુળ) ના ૨૭ નક્ષત્રના ભાગ પડતાં દરેક નક્ષત્ર લગભગ ૧૩°૨૦' ના અંતરે સ્થિત છે. અવકાશમાં ગ્રહો અને સૂર્ય જે એક ચોક્કસ માર્ગ પર ભ્રમણ કરતાં જોવાય છે. તેને અનુક્રમે ગ્રહમાર્ગ અને ક્રાંતિવૃત તરીકે ઓળખવામાં આવે છે. પ્રાચીન તેમજ અર્વાચીન કાળથી વૃક્ષોની ઉપાસનાનું મહત્ત્વ રહ્યું છે, જેને આપણે વિવિધ સ્વરૂપે અને વિવિધ પદ્ધતિઓ વડે અનુસરતાં રહ્યા છીએ. તેમાં વૃક્ષ ઉપાસના પદ્ધતિનો સમાવેશ થઈ જાય છે. આપણી રાશિ, નક્ષત્ર અને દરેક ગ્રહોનું એક આરાધ્ય વૃક્ષ નક્કી કરવામાં આવેલ છે. તે મુજબ આપણને અનુકૂળ વૃક્ષો વાવવા જોઈએ તેમજ તેની રક્ષા કરવી જોઈએ.



અ.નં.	નક્ષત્ર	આરાધ્ય વૃક્ષ	અ.નં.	નક્ષત્ર	આરાધ્ય વૃક્ષ
૧	અશ્વિની	ઝેર કોચલું	૧૫	સ્વાતિ	અર્જુન સાદડ
૨	ભરણી	આમળા	૧૬	વિશાખા	નાગકેશર, વિકળો
૩	કૃતિકા	ઉમરો	૧૭	અનુરાધા	બોરસલ્લી, નાગકેસર
૪	રોહીણી	જાંબુ	૧૮	જયેષ્ઠા	સીમળો
૫	મૃગશીર્ષ	ખેર	૧૯	મૂળ	ગરમાળો, સાલ
૬	આદ્રા	કૃષ્ણાર્જુન (અગર), શીશુ	૨૦	પુર્વાષાઢા	પાણીની નેતર
૭	પુનર્વસુ	વાંસ	૨૧	ઉત્તરાષાઢા	ફણસ, જમીનનું નેતર
૮	પુષ્ય	પીપળો	૨૨	શ્રવણ	આકડો (સફેદ આકડો)
૯	આશ્લેષા	નાગકેસર, નાગચંપો	૨૩	ઘનિષ્ઠા	ખીજડો
૧૦	મઘા	વડ	૨૪	શત તારકા	કદમ્બ
૧૧	પૂ. ફાલ્ગુની	ખાખરો	૨૫	પૂર્વ ભાદ્રપદ	આંબો
૧૨	ઉ. ફાલ્ગુની	પીપળી	૨૬	ઉ.ભાદ્રપદ	લીમડો, અરીઠા
૧૩	હસ્ત	જુઈ, પીળી જુઈ, અરીઠા	૨૭	રેવતી	મહુડો
૧૪	ચિત્રા	બીલી			

રાશિ વન

પૌરાણિક શાસ્ત્રોમાં સમગ્ર નભોમંડળને ૧૨ રાશિઓમાં વિભાજીત કરવામાં આવેલ છે. દરેક રાશિના ૨$^{૧}/_{૪}$ નક્ષત્ર એટલે કે, કુલ ૯ ચરણનો સમાવેશ થાય છે. ગ્રહમાર્ગ કે ક્રાંતિવૃતના ૩૬૦° ના ૧૨ ભાગ કરતાં દરેક રાશિનો વિસ્તાર લગભગ ૩૦° જેટલો થાય છે.

રાશિમાં રહેલ નક્ષત્રો કે તારાઓના કાલ્પનિક બિંદુઓ દ્વારા જે આકારો રચાય છે. તેના આધારે રાશિઓના નામ આપવામાં આવ્યા છે. જે મોટા ભાગે પ્રાણીઓના આકાર પ્રમાણે છે. શાસ્ત્રોમાં દરેક રાશિના આરાધ્ય વૃક્ષો પણ સૂચવેલ છે. જે તે વ્યક્તિની જન્મ રાશિ પ્રમાણે વૃક્ષની વાવણી, સંવર્ધન અને રક્ષણ શુભ ગણાય છે.

પંચવટી

પાંચ પવિત્ર, છાંયાવાળા, ઘટાદાર વૃક્ષોના સમૂહને પંચવટી કહેવામાં આવે છે. આપણા પૌરાણિક ગ્રંથોમાં "પંચ" શબ્દનું ઘણું મહત્વ છે. પંચભૂત (પાંચ તત્વો) પૃથ્વી, જલ, તેજ (અગ્નિ), વાયુ અને આકાશથી આ સૃષ્ટિનું નિર્માણ થાય છે. માનવ શરીરની પાંચ જ્ઞાનેન્દ્રિયો ત્વચા (ચામડી), ચક્ષુ (આંખ), નાસિકા (નાક), જિહ્વા (જીભ) અને કર્ણ (કાન) એમ ગણાય છે. તેવી જ રીતે પંચવટીમાં પીપળો, વડ, બીલી, અશોક અને આમળા પર્યાવરણીય પૂર્ણતાના પ્રતિકો છે.



પંચવટીના પર્યાવરણીય પૂર્ણતાના પ્રતિક સમાન વડનું વૃક્ષ શીતળ છાંયો આપે છે. પીપળો અન્ય વૃક્ષો કરતાં વધુ પ્રાણવાયુ ઉત્પન્ન કરી પ્રદૂષણ નિવારણ કરે છે. બીલી વાતાવરણને સુગંધીત રાખે છે. આમળા સર્વોત્તમ ઔષધિ આપતું વૃક્ષ ગણાય છે જયારે અશોક વૃક્ષને શોક દૂર કરનાર ગણવામાં આવે છે. આ પાંચેય પવિત્ર વૃક્ષોની વાટીકાનું વિધિવત નિર્માણ માનવજાતિ માટે કલ્યાણકારી છે તેવો ઉલ્લેખ શાસ્ત્રોમાં થયેલ છે.

પંચવટીની સ્થાપના સામાન્ય રીતે વર્તુળ આકારમાં કરવામાં આવે છે. વર્તુળના કેન્દ્રથી ૫ મીટરની ત્રિજ્યાના વર્તુળના પરિઘ ઉપર ચાર દિશામાં ૪ (ચાર) બીલીના વૃક્ષ વાવવામાં આવે છે. કેન્દ્રથી ૧૦ મીટર ત્રિજ્યાના વર્તુળના પરિઘ ઉપર ઈશાન, અગ્નિ, નૈઋત્ય અને વાયવ્ય ખૂણે વડના ૪ (ચાર) વૃક્ષો વાવવામાં આવે છે. કેન્દ્રથી ૨૦ મીટર ત્રિજ્યાના વર્તુળના પરિઘ ઉપર ૫ મીટરના અંતરે ૨૫ (પચ્ચીસ) અશોકના વૃક્ષો વાવવામાં આવે છે. કેન્દ્રથી ૨૫ મીટરની ત્રિજ્યાના વર્તુળના પરિઘ ઉપર દક્ષિણ દિશાથી ૫ મીટરના અંતરે બન્ને તરફ ૨ (બે) આમળાના વૃક્ષો વાવવામાં આવે છે જ્યારે કેન્દ્રથી ૩૦ મીટરની ત્રિજ્યાના પરિઘ ઉપર ચારેય દિશામાં એક-એક એમ ૪ (ચાર) પીપળાના વૃક્ષો વાવવામાં આવે છે. આમ, ઉપર મુજબ વાવણી કરવાથી કુલ -૩૯ વૃક્ષોની પંચવટીની રચના થઈ શકે છે.

તીર્થંકર વન

જૈન ધર્મના ચોવીસ તીર્થંકરોએ વૃક્ષ નીચે 'કેવલજ્ઞાન' પ્રાપ્ત કરેલ અને આ બધા વૃક્ષો 'કેવલી વૃક્ષો' તરીકે જૈનોમાં આદર ધરાવે છે.

તીર્થંકર વનમાં કલ્પવૃક્ષ યંત્ર પ્રમાણે તેની સ્થળ પર રચના કરવામાં આવે છે. આ યંત્રમાં તીર્થંકરોનું ચોક્કસ સ્થાન નક્કી છે. તે પ્રમાણે ૨૪ તીર્થંકરોના કેવલી વૃક્ષો ધરાવતું 'તીર્થંકર વન' તૈયાર કરવામાં આવે છે.

૧. શ્રી ઋષભદેવ સ્વામી - વડ
૨. શ્રી અજિતનાથ સ્વામી - સપ્તપર્ણી
૩. શ્રી સંભવનાથ સ્વામી - સાલ
૪. શ્રી અભિનંદન સ્વામી - ચારોલી
૫. શ્રી સુમતીનાથ સ્વામી - ઘઉંલા
૬. શ્રી પદ્મપ્રભા સ્વામી - વડ
૭. શ્રી સુપાર્શ્વનાથ સ્વામી - સીરસ
૮. શ્રી ચંદ્રપ્રભા સ્વામી - સુલતાના ચંપો
૯. શ્રી સુવિધિનાથ સ્વામી - બીલી
૧૦. શ્રી શીતલનાથ સ્વામી - પીપર
૧૧. શ્રી શ્રેયાંસનાથ સ્વામી - અશોક
૧૨. શ્રી વાસુપુજ્ય સ્વામી - લોદ્ર
૧૩. શ્રી વિમલનાથ સ્વામી - જાંબુ
૧૪. શ્રી અનંતનાથ સ્વામી - અશોક
૧૫. શ્રી ધર્મનાથ સ્વામી - ખાખરો
૧૬. શ્રી શાંતિનાથ સ્વામી - દેવદાર
૧૭. શ્રી કાન્થુનાથ સ્વામી - લોદ્ર
૧૮. શ્રી અરનાથ સ્વામી - આંબો
૧૯. શ્રી મલ્લિનાથ સ્વામી - અશોક
૨૦. શ્રી સુવ્રત સ્વામી - સોનચંપો
૨૧. શ્રી નામીનાથ સ્વામી - બોરસલ્લી
૨૨. શ્રી નેમીનાથ સ્વામી - નેતર
૨૩. શ્રી પાર્શ્વનાથ સ્વામી - ધાવડી
૨૪. શ્રી મહાવીર સ્વામી - સાલ



સપ્તર્ષિ વન

પૌરાણિક કથાઓ મુજબ ભારતના મુખ્ય સાત ઋષિઓના નામો સપ્તર્ષિના તારા સાથે સંકળાયેલ છે. ઉત્તર દિશામાં ધ્રુવના તારાની નજીક સાત તારાઓનો સમુહ ઈશાન દિશામાં ઉગીને વાયવ્ય દિશામાં અસ્ત પામતો જણાય છે. જે સપ્તર્ષિ તરીકે ઓળખાય છે. તેનું ધાર્મિક ગ્રંથોમાં વિગતવાર વર્ણન ઈષ્ટ વનસ્પતિ સહિત નીચે મુજબ છે. (૧) કશ્યપ - તુલસી અને અળસી (૨) અત્રિ - અગથીયો અને કમળ, (૩) ભારદ્વાજ - અધેડો અને સોપારી, (૪) વિશ્વમિત્ર - બીલી અને અનંતમૂળ, (૫) ગૌતમ - ધતુરો અને ચમેલી, (૬) વશિષ્ઠ - શમી અને તુલસી (૭) જમદગ્નિ - દુર્વા અને માલતી, આકાશમાં દૃષ્ટિમાન થતાં સાત તારાઓની કૃતિમાં સપ્તર્ષિ વન કરવામાં આવે છે.

શ્રીપર્ણી વન

હિન્દુ શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ 'શ્રીપર્ણી' ના વૃક્ષમાં 'દેવી લક્ષ્મી' નો વાસ છે. આ વૃક્ષના સ્થળે પવિત્ર વાતાવરણ સર્જાય છે. તેથી દેવી લક્ષ્મીનો ભગવાન વિષ્ણુ સાથે આવા સ્થળે નિવાસ થાય છે. આ વૃક્ષ વાવનાર તથા તેની પૂજા કરનારની સુખ, શાંતિ, સમૃદ્ધિમાં વધારો થતો હોવાની માન્યતા છે.



આરોગ્ય વન

પૌરાણિક શાસ્ત્રો મુજબ માનવ શરીરનાં જુદા જુદા અંગો માટે ઔષધિય વનસ્પતિનો ઉપયોગ આડ અસર વગર થાય છે. જે માનવ માટે કલ્યાણકારી હોય છે. શરીરના વિવિધ અંગોમાં થતી બિમારીઓમાં વપરાતી ઔષધિય વનસ્પતિઓ જેવી કે, બ્રાહ્મી - સ્મરણ શક્તિ માટે, સર્પગંધા અને અશોક - હૃદય રોગો તેમજ તણાવ દુર કરવા માટે, આમળા અને સોનામુખી - અપચા માટે, ગુગળ અને ગળો - હાથ અને પગના સાંધાના રોગો દુર કરવા માટે ઉપયોગી છે. આવી વિવિધ વનસ્પતિઓનું વાવેતર આરોગ્ય વનમાં કરવામાં આવે છે.

પથદર્શક "ગુજરાત"

સાંકૃતિક વનોના હેતુઓ

- ધાર્મિક અને ઔષધિય વૃક્ષોથી વધુમાં વધુ લોકોને માહિતગાર કરવા.
- વૃક્ષ આચ્છાદન હેઠળનો વિસ્તાર વધારવામાં લોકોની સક્રિય ભાગીદારી.
- વૃક્ષો થકી લોક કલ્યાણ
- વધુ વૃક્ષો વાવો અને જતન કરો.
- વૃક્ષો પ્રત્યે લોકોમાં પ્રેમભાવના જાગૃત કરવી.
- જૈવિક વિવિધતા અને પર્યાવરણમાં સુધારો .
- ધાર્મિક સ્થળોનો વિકાસ.
- ઉજાણી (પીકનીક) સ્થળો વધારવા.
- રોજગારી ઉત્પન્ન કરવી.
- આપણી પ્રાચીન સંસ્કૃતિથી લોકોને માહિતગાર કરવા.

રાજ્યમાં વૃક્ષ આવરણ તથા જૈવિક વિવિધતામાં વધારો કરવાના પ્રયાસરૂપે સને ૨૦૦૪ થી ગુજરાત સરકાર દ્વારા નવો અભિગમ અપનાવવામાં આવેલ છે. જેના ભાગ રૂપે જુદા જુદા પ્રકારના સાંસ્કૃતિક વનો દ્વારા ગુજરાત રાજ્યની પ્રજાને ભારતીય સાંસ્કૃતિક પરંપરા મુજબ પુરાણશાસ્ત્રોમાં વર્ણવેલ ઔષધિય મહત્વ ધરાવતી વનસ્પતિઓથી માહિતગાર કરવામાં આવી રહેલ છે. વર્ષ ૨૦૧૩ સુધીમાં દસ (૧૦) જગ્યાએ સાંસ્કૃતિક વનો તૈયાર કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૪માં રાજ્યકક્ષાના વન મહોત્સવની ઉજવણી રાજકોટ જીલ્લાના જેતપુર તાલુકાના કાગવડ ખાતે મુખ્ય કાર્યક્રમનું આયોજન કરી માનનીય મુખ્ય મંત્રીશ્રી ના હસ્તે લોકાર્પણ કરવામાં આવનાર છે.

ગુજરાતમાં નીચેની વિગતે સાંસ્કૃતિક વનોની હારમાળા તૈયાર કરવામાં આવેલ છે.

"પુનિતવન" - ગાંધીનગર

ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી **સને ૨૦૦૪**માં તા. ૬ જુલાઈના વનમહોત્સવની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર, સેક્ટર-૧૮ ખાતે પુનિત વન સાકાર થયેલ છે. અહીં ગ્રહ, નક્ષત્ર, રાશિ, સંસ્કૃતિ અને આસ્થાને કેન્દ્ર બિંદુમાં રાખી જુદા-જુદા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ હોઈ, સમગ્રપણે આ વાવેતરનું નામ "પુનિત વન" રાખવામાં આવેલ છે. ૬ હેક્ટરની જમીનમાં આ વન ફેલાયુ છે. આ "પુનિત વન"માં નક્ષત્ર વન, રાશિ વન, નવગ્રહ વન, પંચવટીની રચના કરવામાં આવેલ છે. શિવલીંગ જેવો આકાર દેખાય તે પ્રમાણે બીલીના વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે. પુનિત વન એ ફક્ત વનસ્પતિઓનો શાસ્ત્રીય સંગ્રહ નથી, પરંતુ દરેક ઉંમરના લોકો માટેનો આધુનિક, રમણીય બગીચો છે. પગદંડી, એમ્ફી થીયેટર, વનકુટીર, કુવારો તેની રમણીયતામાં વધારો કરે છે. સમગ્રપણે જોતાં પુનિત વન એ પ્રાચીન સંસ્કૃતિ અને આસ્થા સાથે વૃક્ષારોપણ કાર્યક્રમને વેગવંતો બનાવવા માટે મહત્વનો ફાળો આપનાર દેશનું એક અનેરુ કેન્દ્ર બની રહેશે. તે ઉપરાંત ગાંધીનગર માટે એક મહત્વનું પર્યટન સ્થળ છે.

પુનિતવન ખાતેના ચાલવાના રસ્તાઓ અને બેસવાના બાકડા

નવ દંપતિઓ દ્વારા વૃક્ષા રોપણ

માંગલ્ય વનનો પુલ

માંગલ્ય વનની ઝૂંપડી

"માંગલ્ય વન" - અંબાજી

સને ૨૦૦૪ સુધી દર વર્ષે રાજયકક્ષાનો વનમહોત્સવ ગુજરાતના પાટનગર ખાતે યોજવાની વર્ષો જુની પ્રણાલી અમલમાં હતી. સને ૨૦૦૫માં ગુજરાત રાજયના દીર્ધદ્રષ્ટા માનનીય મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી વર્ષો જુની પ્રણાલી દૂર કરી, ગુજરાત રાજયની સ્થાપના પછી સૌ પ્રથમ વખત રાજયકક્ષાનો વનમહોત્સવ રાજયના પાટનગરની બહાર યોજવાનો નવતર અભિગમ અપનાવ્યો. રાજયના જુદાજુદા જિલ્લાઓમાં દર વર્ષે રાજયકક્ષાના વનમહોત્સવનું આયોજન કરી વધુને વધુ લોકોને વૃક્ષ વાવેતર કાર્યક્રમમાં સક્રિય રીતે સાંકળવાનો મુખ્ય ઉદ્દેશ તેમાં સમાયેલ છે. જેના પરિણામ રૂપે અંબાજી ખાતે તા.૧૭ જુલાઈ ૨૦૦૫ના "માંગલ્યવન" નિર્માણ પામેલ છે. આ વન ૩.૫ હેક્ટર જમીનમાં ફેલાયુ છે.

અંબાજી એ સમગ્ર ભારતના અતિ પવિત્ર, ઐતિહાસિક, ધાર્મિક અને ૫૪ શકિતપીઠો પૈકીનું એક છે. તે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના પૂર્વ ભાગમાં અરવલ્લીની ગિરિમાળાઓ વચ્ચે અને અમદાવાદથી આશરે ૧૮૦ કિ.મી.ના અંતરે આવેલ છે. ભાદરવા માસમાં લાખો શ્રધ્ધાળુઓ પગપાળા ' માઁ અંબાના' દર્શને જાય છે, જે એક અદ્વિતીય પ્રસંગ છે. જુદી જુદી ધાર્મિક મહત્વ ધરાવતી વૃક્ષવાટિકાઓ જેવી કે નક્ષત્ર વન, નવગ્રહ વન, રાશિ વન બનાવવામાં આવેલ છે. નવપરણિત ૫૦૧ નવયુગલો દ્વારા કરવામાં આવેલ વૃક્ષ વાવેતર એ માંગલ્યવનનો ચિરસ્મરણીય પ્રસંગ છે. જુદા જુદા રંગના રોપાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ ૐ આકારની "ઓમ વાટિકા" તથા સરોવરના એક કિનારેથી સામેના કિનારે જવા માટે બનાવેલ લાકડાનો "ગાર્ડન બ્રીજ" આ જગ્યાનું અનેરુ આકર્ષણ છે. "માંગલ્ય વન" હાલમાં રાજ્યના મહત્વના પર્યટક સ્થળોની હરોળમાં આવી રહેલ છે. લાખો લોકો આ સ્થળની મુલાકાત લઈ વૃક્ષ સંરક્ષણની આપણી પ્રણાલીથી માહિતગાર થાય છે.

"તીર્થંકરવન" - તારંગા

ગુજરાતના મહેસાણા જિલ્લામાં અમદાવાદથી આશરે ૧૨૦ કિ.મી. દૂર આવેલું "તારંગા" જૈન ધર્મનું અગત્યનું પવિત્ર યાત્રાધામ છે. અહીં ભગવાન અજીતનાથજીનું પુરાણું મંદિર **"હેરીટેજ"** સાઈટ છે. જેના સ્થાપત્યનું કોતરણી કામ ઘણુંજ સુંદર છે.સોલંકી વંશના રાજા કુમારપાળ દ્વારા આ મંદિર બંધાવવામાં આવેલ હતું. તારંગા એ ધાર્મિક યાત્રા સ્થળની સાથે સાથે પ્રવાસ ધામ તરીકે પણ મહત્વ ધરાવે છે. દર વર્ષે લાખો યાત્રાળુઓ તથા પ્રવાસીઓ આ સ્થળની મુલાકાતે આવે છે.

જૈન ધર્મના ૨૪ તીર્થંકરોએ વૃક્ષ નીચે "કેવલજ્ઞાન" પ્રાપ્ત કરેલ. આ બધા વૃક્ષો કેવલી વૃક્ષો તરીકે જૈનોમાં આદર ધરાવે છે. આ સ્થળ જૈન ધર્મનું મહત્વનું યાત્રાધામ હોવાથી **સને ૨૦૦૬** માં તા.૧૩ જુલાઈના અહીં કેવલી વૃક્ષો ધરાવતું "તીર્થંકરવન" તૈયાર કરવામાં આવેલ છે. આ વનનો વિસ્તાર ૫.૪ હેક્ટરની જમીનમાં ફેલાયુ છે. જેના સ્થળ પર રચના કલ્પવૃક્ષ યંત્ર પ્રમાણે કરવામાં આવી છે. અહીં રાશિ વન, નક્ષત્ર વન, નવગ્રહ વન, શ્રીપર્ણી વન, વન કુટિર, બાળ ઉધાન બનાવવામાં આવેલ છે. આ સ્થળ અરવલ્લી પર્વતમાળાના પશ્ચિમ ભાગમાં અને સાબરમતી નદીની દક્ષિણ - પશ્ચિમમાં આવેલ છે. "તીર્થંકર વન" થી આ સ્થળના શૈક્ષણિક દૃષ્ટિકોણમાં ઉમેરો થયો છે. તે ઉપરાંત આ સ્થળને પ્રકૃતિ શિક્ષણ કેન્દ્ર તરીકે વિકસાવવામાં આવેલ છે.

ટેકરી પરથી તીર્થંકર વનનું દ્રશ્ય

“હરિહર વન” - સોમનાથ

સોમનાથ મંદિર ભારતના ૧૨ જ્યોતિર્લિંગ પૈકીનું એક અતિ પ્રાચીન ધાર્મિક સ્થળ છે. તે ભારતના પશ્ચિમ કિનારે ગુજરાતના ગીર સોમનાથ જિલ્લામાં આવેલું છે. દર વર્ષે લાખો પ્રવાસીઓ આ સ્થળની મુલાકાતે આવે છે.

સને ૨૦૦૭ માં તા.૨૩ જુલાઈના સોમનાથ ખાતે ‘હરિહરવન’ તૈયાર કરવામાં આવેલ છે. જે ૧.૬ હેક્ટરની જમીનમાં ફેલાયુ છે. કેટલાંક નવા વિચારો સાથે અહીં શિવપંચાયતન વન, શ્રી કૃષ્ણ ગૌલોક ધામવન, હરિશંકરી વન, રૂદ્રાક્ષ વન, જ્યોતિર્લિંગ વન, સપ્તર્ષિ વન, પંચવલ્કલ વન, સ્મૃતિ વન જેવી વૃક્ષ વાટિકાઓ અહીં તૈયાર કરવામાં આવેલ છે. અનુભવ અને મજબૂત મનોબળના આધારે ગુજરાતની પ્રજા ઈકોલોજીની પુન:સ્થાપનાને સુસંગત સર્વાંગી વિકાસ સાથેનું ઉદાહરણીય રાજ્ય તરીકે ગુજરાતને પ્રસ્થાપિત કરવાનો વિશ્વાસ ધરાવે છે.

"ભક્તિ વન" - ચોટીલા

૫૯ મા વન મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે **સને ૨૦૦૮**માં તા.૧૮ જુલાઈ ના સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ખાતે "ભક્તિ વન" તૈયાર કરવામાં આવેલ છે. રાષ્ટ્રિય ધોરીમાર્ગ નં. ૮ ઉપર અમદાવાદથી આશરે ૧૭૦ કિ.મી. દુર આવેલુ યાત્રાધામ છે. ચોટીલાના ડુંગર ઉપર "**માઁ ચામુંડા**" નું સુપ્રસિધ્ધ મંદિર આવેલું છે. દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ અહીં દર્શને આવે છે. "ભક્તિ વન"નો આશરે ૧૨ એકર જેટલો વિસ્તાર મુખ્યત્વે ૩ ભાગમાં વહેંચવામાં આવેલ છે. (૧) તુલસીકુંડ (૨) ભક્તિવન અને (૩) પુનિત વન. તે ઉપરાંત અહીં રોપ વિતરણ કેન્દ્ર, વન કુટીર અને કુવારો બનાવવામાં આવેલ છે. **'નિરોગી બાળ વર્ષ'** ને ધ્યાનમાં રાખી આયુર્વેદિક મહત્વ ધરાવતી વિવિધ વનસ્પતિઓનું **'નિરોગી બાળ વન'** ઊભું કરવામાં આવેલ છે.

ચોટીલા ખાતે આ વન પ્રવાસીઓ માટે જોવા લાયક છે. "ભક્તિ વન"નો વિસ્તાર ૫.૮ હેક્ટર છે.

"શ્યામળ વન" - શામળાજી

સને ૨૦૦૯ ના ચોમાસામાં તા. ૧૮-૦૭-૨૦૦૯ના ૬૦ મા વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સાબરકાંઠા જિલ્લાના શામળાજી ખાતે "શ્યામળ વન" બનાવવામાં આવેલ છે. તે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ ઉપર અમદાવાદથી આશરે ૧૨૭ કિ.મી. દૂર આવેલું છે. અહીં "ભગવાન વિષ્ણુ" નું વિખ્યાત મંદિર આવેલું છે. દર વર્ષે લાખો લોકો આ સ્થળની મુલાકાતે આવે છે. કોપીસીંગ પ્રકારના વૃક્ષઆવરણ ધરાવતાં બે ડુંગરોની વચ્ચે આ જગ્યા આવેલી છે, જે શ્યામળ વનની સુંદરતામાં વધારો કરે છે. શામળાજી મંદિરના દર્શને આવતાં મોટા ભાગના લોકો આ સ્થળની અચુક મુલાકાત લે છે.

કોતરણીવાળુ મુખ્ય પ્રવેશદ્વાર, દશાવતાર વન, નક્ષત્ર વન, રાશિ વન, ધનવંતરી વન, દેવ વન, સ્મૃતિવન અને ગ્રહ વાટિકા દ્વારા વિવિધ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. તે ઉપરાંત ૬.૩ હેક્ટરના વિસ્તારમાં ફુવારો, લોન વિસ્તાર, બાળકો માટે રમતનું ક્રિડાંગણ, વનકુટીર, ખેત વનીકરણ નિદર્શન પ્લોટ, આધુનિક નર્સરી, બામ્બુ સિટમ, ઈન્ટરપ્રિટેશન સેન્ટર, ટ્રી મ્યુઝીયમનું આયોજન પણ કરવામાં આવેલ છે. જે લોકો માટે એક અનેરૂ આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

“પાવક વન” - પાલીતાણા

પાલીતાણા જૈન ધર્મનું પ્રસિદ્ધ યાત્રાધામ છે. દેશ-વિદેશથી હજારો લોકો દર વર્ષે અહીં દર્શને આવે છે. ૬૧મા સ્વર્ણિમ વન મહોત્સવની ઉજવણીના ભાગરૂપે વર્ષ ૨૦૧૦ માં તા.૩૦ જુલાઈ ના અહીં “પાવક વન”નું નિર્માણ કરી રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવેલ. જેમાં રાજ્યના માનનીય મંત્રીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધીશ્રીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ, ખેડૂતો, પ્રેસ-મિડિયાના પ્રતિનિધીશ્રીઓ, પ્રજાજનો, બાળકો વગેરે વિશાળ સંખ્યામાં હાજર રહેલ. આ જગ્યા પર્યટક સ્થળ તરીકે વિકસાવી વૃક્ષોના રક્ષણ-સંરક્ષણ અંગે આપણી સંસ્કૃતિ-પ્રથાથી લોકોને માહિતગાર કરવાનો મુખ્ય ઉદેશ્ય સમાયેલો છે.

અહીં ૭.૪ હેક્ટર જમીનમાં અમૃત મહોત્સવ વન, વિહંગ વન, રાયણ વન, ડમરા વાટિકા વન, આરોગ્ય વન, સુશ્રૃત વન, તીર્થંકર વન, રાશિ વન, નક્ષત્ર વન, શેત્રુંજય વન, કમળકુંડ વન જેવા વનો ઊભા કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત લોન વિસ્તાર (બગીચો) તથા બાળકો માટે રમતનું ક્રિડાંગણ બનાવવામાં આવેલ છે.

“પાવક વન” માં ૯૫ જાતના વૃક્ષો વાવવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે વડ, બોરસલી, બીલી, પીપળો, ઉમરો, મહુડો, ગરમાળો, કડાયો, ગુગળ, કદમ્બ, ડમરો, તુલસી, રૂખડો, સીસુ, વાંસ, બોગનવેલ, ટેકોમા વગેરે જાતોના રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

“વિરાસત વન” પાવાગઢ

વેદ વાટિકા

ગુજરાતની પૂર્વ પટ્ટીના પંચમહાલ જિલ્લામાં પ્રસિધ્ધ યાત્રાધામ પાવાગઢની તળેટીમાં જેપુરા ગામે સને ૨૦૧૧ માં તા.૩૧ જુલાઈ ના ૬૨મા વન મહોત્સવ નિમિત્તે ૬.૫ હેક્ટરમાં “વિરાસત વન” નિર્માણ પામેલ છે. પાવાગઢ (ચાપાનેર) આધ્યાત્મિક, ઐતિહાસીક, ભુસ્તરીય, પુરાતત્વીય મહત્વ અને સુંદરતમ પરિસર ધરાવે છે. આ વિસ્તારને યુનેસ્કો દ્વારા ૨૦૦૪માં **વિશ્વ વિરાસત** સ્થળ તરીકે જાહેર કરેલ છે. આવી આગવી વિશેષતાના કારણે આ સ્થળની સાંસ્કૃતિક વન નિર્માણ માટે પસંદગી કરવામાં આવેલ.

લોકોને વૃક્ષ ઉછેર સાથે સાંકળવાના હેતુસર આ સાંસ્કૃતિક વનને નીચે જણાવ્યા મુજબની ૭ થીમ આધારીત વિકસાવેલ છે. (૧) આનંદ વન (૨)આરોગ્ય વન (૩) આરાધ્ય વન (૪) સાંસ્કૃતિક વન (૫) આજીવીકા વન (૬) નિસર્ગ વન (૭) જૈવિક વન

વિરાસત વનને આકર્ષણોના કેન્દ્રો તરીકે વિકસિત કરવા માટે : પાવાગઢનું આધ્યાત્મિક, ઐતિહાસીક, પુરાતત્વીય, ભુસ્તરીય, પરિસરીય મહત્વ સમજાવતા રસપ્રદ માહિતી સભર પેનલો અને મોડેલ બનાવવામાં આવેલ છે. “વિરાસત વન”નુ ં મુખ્ય આકર્ષણ તેનુ પ્રવેશદ્વાર, કલાત્મક પુલો, સુશોભિત તળાવો, ફુવારાઓ, વનકેડીઓ, વન્યપ્રાણીના મોડેલ, ભુમિ-ભેજ સંરક્ષણ વ્યવસ્થાનું નિદર્શન, સુંદર ફુલોની ક્યારીઓ, બાળ ક્રિડાંગણ, ઘાસનું મેદાન છે. મુલાકાતીઓના વિશ્રામ માટે વન કુટીર તથા અલ્પાહાર માટે કાફેટેરીયા પણ બનાવવામાં આવેલ છે.

વિરાસત વનમાં આવેલ તળાવ

“ગોવિંદ ગુરુ સ્મૃતિવન” માનગઢ

સને ૨૦૧૨માં તા.૩૦ જુલાઈ ના રાજ્યકક્ષાના “૬૩” મા વન મહોત્સવની ઉજવણી મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના માનગઢ ખાતે કરવામાં આવેલ છે. આ સ્થળ સંતરામપુરથી દક્ષિણ દિશાએ ૨૫ કિ.મી. દૂર આવેલ છે. આ સ્થળે અંગ્રેજોની વેઠ-મજુરી વિરૂધ્ધ અવાજ બુલંદ કરનાર આદિવાસીઓએ “ગોવિંદ ગુરુ” રાહબરી હેઠળ તા.૧૭-૧૧-૧૯૧૩ના રોજ અંદાજે ૧૫૦૦ થી વધારે લોકોએ શહીદી વહોરી હતી. આ બલિદાન ભાવી પેઢીને હરહંમેશ ચિરસ્મરણીય અને પ્રેરણાસ્ત્રોત બની રહે તે હેતુસર માનગઢની પાવનભૂમિ પર “ગોવિંદ ગુરુ સ્મૃતિવન”નું નિર્માણ ૫.૦૦ હેકટરની જમીનમાં કરવામાં આવ્યું છે. ગોવિંદગુરુ ના મહાન કાર્યો અંગે જન જાગૃતિ ફેલાવવા માટે એક પ્રદર્શન કક્ષ,

૧૯૧૩ની માનગઢની લડાઈનું કલ્પના ચિત્ર

શહીદોની સ્મૃતિમાં અમર જ્યોતિસ્તંભ તથા શહીદ વન, પર્યટકોના વિશ્રામ માટે વિશ્રામ કુટિર, ઘાસની લોન તથા વિશ્રામગૃહ, કલાત્મક પ્રવેશદ્વાર, તુલસી વન, કમળકુંડ, રાશિ વન, નક્ષત્ર વન, બિલ્વ વન, કેકટાઈ કોર્નર તથા માનગઢની આસપાસની દ્રશ્યાવલી ઝાંખી કરાવતો એક નિર્સગ ઝરૂખો બનાવેલ છે.

૬૩ મા વન મહોત્સવની ઉજવણી નિમિત્તે ગોવિંદ ગુરુ સ્મૃતિવન માં આશરે ૫૦૦૦ વૃક્ષો તથા તેની આજુબાજુના વન વિસ્તારને તેમજ લોકોના ખેતરોમાં આશરે ૧ લાખ વૃક્ષો ઉછેરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં આશરે ૫૦,૦૦૦ (પચાસ હજાર) જેટલી જન મેદની હાજર રહેલ હતી.

"નાગેશ વન" - નાગેશ્વર (દ્વારકા)

રાજ્યના પશ્ચિમ કિનારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકા થી ૧૭ કિ.મી. દૂર, દ્વાદશ જ્યોતિર્લીંગ પૈકીના એક એવા નાગેશ્વર મુકામે વર્ષ ૨૦૧૩માં તા.૦૨-૦૮-૨૦૧૩ ના ૬૪મા વન મહોત્સવની ઉજવણી કરવામાં આવેલ છે.

ભગવાન શ્રીકૃષ્ણની કર્મભૂમિ દ્વારકા અને પ્રસિદ્ધ જ્યોતિર્લીંગ નાગેશ્વર એ બન્ને ધાર્મિક અને આધ્યાત્મિક દ્રષ્ટિએ અતિ પ્રાચીન અને મહત્વના સ્થળો હોવાથી દર વર્ષે ઘણી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને પર્યટકો આ સ્થળની મુલાકાતે આવે છે. અહીં નાગેશ્વર મંદિરની બાજુમાં ૩૦૦ મીટર દૂર ૬.૦ હેક્ટર વિસ્તારમાં "નાગેશ વન"નું નિર્માણ કરવામાં આવેલ છે.

આ સાંસ્કૃતિક વનમાં (૧) નવગ્રહ વન (૨) નક્ષત્ર વન (૩) રાશી વન (૪) પંચવટી વન (૫) ચરક વન (૬) ગુગળ વન (૭) તુલસી વન (૮) બીલી વન (૯) વડ - પીપળ વાટિકા (૧૦) પામ ગ્રુવ (૧૧) બાઉન્ડ્રી વાવેતર અને (૧૨) શેલ્ટરબેલ્ટ વાવેતર તૈયાર કરવામાં આવેલ છે. ઉપરાંત ભગવાન શ્રીકૃષ્ણએ દારૂકા રાક્ષસનો વધ આ જગ્યાએ કરેલ હતો જેની યાદમાં "દારૂકા વન" ઊભું કરવામાં આવેલ છે.

ઉપરાંત માન સરોવરના ફરતે તેની પાળ ઉપર જાંબુ, અર્જુન સાદડ, વડ, પીપળ અને દેશીબાવળનું વાવેતર કરીને સુશોભિત કરવામાં આવેલ છે.

આ ઉપરાંત આ સાંસ્કૃતિક વનનું પ્રવેશદ્વાર, વન કુટિર, માનસરોવર તળાવ, વોચ ટાવર, કૈલાસ પર્વત, મરીન ઈન્ટરપ્રીટેશન સેન્ટર, બાગ, પુલ તથા રોડ, ફૂવારા વિગેરે તૈયાર કરવામાં આવેલ છે. જેમાં કૈલાસ પર્વત ઉપર નયનરમ્ય ભગવાન શિવ પરિવારની મૂર્તિઓ, યોગેશ્વર ભગવાના શ્રીકૃષ્ણની મૂર્તિ, ભગવાન શ્રીકૃષ્ણના પંચજન્ય શંખનું સ્થાપન કરવામાં આવેલ છે અને મરીન ઈન્ટરપ્રીટેશન સેન્ટરમાં દરિયાઈ જીવો, દરિયાઈ વનસ્પતિ અને ભૌગોલિક પરિવર્તન વિગેરેનું પ્રદર્શન તૈયાર કરવામાં આવેલ છે.



"શક્તિવન" - કાગવડ (જેતપુર)

વર્ષ ૨૦૧૪માં ૬પમા વન મહોત્સવની ઉજવણી કાગવડ (તાલુકો : જેતપુર, જિલ્લો : રાજકોટ)માં આવેલ ખોડલધામમાં કરવામાં આવનાર છે.

ખોડલધામ ટ્રસ્ટ દ્વારા કાગવડ ગામના પાદરમાં નિર્માણ પામી રહેલ ખોડિયાર માતાજીના વિશાળ મંદિર તેમજ આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓના કેન્દ્ર ખોડલધામના સાન્નિધ્યમાં આ વન તૈયાર કરી લોકાર્પણ કરવામા આવનાર છે.

સાંસ્કૃતિક વનોના પ્રવેશદ્વાર

પુનિત વન

માંગલ્ય વન

તીર્થંકર વન

હરિહર વન

ભક્તિ વન

શ્યામળ વન

પાવક વન

વિરાસત વન

ગોવિંદ ગુરૂ સ્મૃતિ વન

નાગેશ વન

વન વિભાગ, ગુજરાત રાજ્ય
નાયબ વન સંરક્ષક, પ્રકાશન અને સંપર્ક વિભાગ,
વન સંશોધન સંશોધન સંકુલ, સેક્ટર-૨૦,
ગાંધીનગર-૩૮૨ ૦૨૦, ફોન નં.૦૭૯-૨૩૨ ૫૬૯૨૬